**( સને૧૯૭૩ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ૩૫૫ મુજબનો ચુકાદો )**

**અમદાવાદના મહે.એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટસાહેબશ્રીની કોર્ટ નં.૭, સમક્ષ**

આંક :–

(અ). કેસનો અનુક્રમ નંબર :–

(બ). ગુન્હો બન્યાની તારીખ :–

(ક). ફરીયાદીનું નામ :– શ્રી સરકાર

(ડ). આરોપીઓના નામ અને સરનામું. :–

(ઈ). ફરીયાદમાંનો આરોપ અથવા સાબીત થયેલો આરોપ :– ઈ.પી.કોડ કલમઃ૧૮૮ તથા જી.પી.એકટ કલમઃ ૧૩૧ મુજબ.

(ફ). આરોપીનો જવાબ અને તપાસણી :–

સવાલ– તમારી સામેનું તહોમતનામું તમોને વાંચી સમજાવ્યુ તે મુજબનો ગુન્હો તમે કબુલ કરો છો કે બચાવ કરવો છે ?

જવાબ– મને ગુનો કબુલ છે.

..........................................

મારી રૂબરૂ,

તા. / /૨૦૧૮.

એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૭,અમદાવાદ.

(૧). આ કામમા પોલીસ દ્વારા આરોપીઓ વિરુધ્ધ ઈ.પી.કોડ કલમઃ૧૮૮ તથા જી.પી. એકટ કલમઃ૧૩૧ મુજબના ગુનાનું ચાર્જશીટ રજુ થયેલ છે. આરોપીઓ અદાલતમાં હાજર થતાં તેમને પોલીસ તપાસના ચાર્જશીટની નકલો ક્રિ.પ્રો.કોડ કલમ ર૦૭ અન્વયે વિના મૂલ્યે આપવામાં આવેલ છે. આરોપી તરફે હાજર રહેલા છે અને તેઓએ સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરવા માંગતા હોઈ તેઓ ધ્વારા ગુના કબુલાત પુરસીસ આંક–ર, થી રજુ કરેલ છે અને ત્યારબાદ, આરોપીઓની ચાર્જશીટ મુજબના ગુના માટે પ્લી/ નિવેદન નોંધવામા આવતા, તેમાં પણ આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

(ર). સજા બાબતે આરોપીઓને સાંભળતા. આરોપી તેઓ મજુરી કામ કરી તેમના કુટુંબનું ગુજરાન ચલાવે છે અને તેઓનો આ પ્રથમ ગુનો છે અને હવે પછી આવો ગુન્હો નહી કરવાની ખાત્રી આપે છે. જેથી તેમને યોગ્ય ઓછામાં ઓછો દંડ કરવા જણાવે છે, એ.પી.પી.શ્રીએ આરોપીઓને કાયદા મુજબ થઈશકતી યોગ્ય સજા કરવા જણાવેલ છે.

(૩). આ કેસની તમામ હકીકત તથા સંજોગોને તથા આરોપીઓ વિરુધ્ધના ગુના અંગે થઈ શકતી સજાની જોગવાઈને ધ્યાનમાં લેતાં, ન્યાયના હિતમા નીચે મુજબ હુકમ કરુ છું.

**::: હુ ક મ :::**

આ કામના દરેક આરોપીઓને ઈ.પી.કોડ કલમઃ ૧૮૮ તથા જી.પી.એકટ કલમઃ૧૩૧ મુજબના ગુના માટે ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ રપર અન્વયે કસુરવાર ઠરાવી રૂા. ર૦૦/– અંકે રુપીયા બસ્સો પુરાનો દંડ કરવામાં આવે છે. જો દંડ ન ભરે તો આરોપીને દિવસ–ર ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે. આ કામે મુદ્દામાલ વાહન અંગે અગાઉ કરવામા આવેલ વચગાળાનો હુકમ આથી કાયમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.

અમદાવાદ.

(આર. બી. સોલંકી)
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૭, અમદાવાદ.
જજ કોડ નં.જી.જે.૦૧૦૦૯.

તા. ૧૬ /૦૮ /ર૦૧૮.